જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૧/૨૦૨૧ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૪/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૧૦૩ | 3 | ૧૧૧૦૬ | ૧૭૨૩૩ | 3 | ૧૭૨૩૬ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૮૫ | ૮ | ૪૬૯૩ | ૬૨૦૮ | ૮ | ૬૨૧૬ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૨ | ૦ | ૬૨ | ૨૬૦ | ૦ | ૨૬૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૫૪૮૭ | ૧૩૯ | ૨૫૬૨૬ | ૨૬૬૮૬ | ૧૪૪ | ૨૬૮૩૦ |
| | કુલ | ૪૧૩૩૭ | ૧૫૦ | ૪૧૪૮૭ | ૫૦૩૮૭ | ૧૫૫ | ૫૦૫૪૨ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૬ | ૧,૦૬,૦૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૫૬૩ | ૩૫,૬૩,૦૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## મેઘાણીનગર પોલીસ સ્ટેશન

## પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સીનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં પ્રોહિબીશનના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે મનોજ ઉર્ફે ઝંડાવાળો મોહનભાઈ જાતે રાઠોડ ઉ.વ.૩૩ રહે.વસંતનગરના છાપરા, પુષ્પકુંજ બિલ્ડીંગની પાછળ, ઠક્કરબાપાનગર, કૃષ્ણનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતે નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ સી-ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૨૦૨૫/૨૦ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(ઈ), ૮૧, ૯૮(૨) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ સી-ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૨૦૨૬/૨૦ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)(બી), ૬૫(ઈ), ૮૧, ૯૮(૨) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ:- ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૨૭/૨૦૨૧ તા.૦૨/૦૧/૨૦૨૧ થી પાસા અટકાયતી તરીકે "મધ્યસ્થ જેલ-લાજપોર સુરત" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી પાસા અટકાયતી અટકાયતીને આજરોજ તા.૦૨/૦૧/૨૦૨૧ ના કલાક ૨૩/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે મધ્યસ્થ જેલ-લાજપોર સુરત" ખાતે મોકલી આપેલ છે.તા.૦૨/૦૧/૨૦૨૧

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પ્રો.પો.સબ.ઈન્સ. વી.એ.હરકટ

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦


(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



## વટવા પોલીસ સ્ટેશન

## શરીરસબંધી આરોપીની પાસા અટકાયતીની ધરપકડ કરતી વટવા પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર સેક્ટર-૨ શ્રી ગૌતમ પરમાર સાહેબ નાઓની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૬ શ્રી એ.એમ.મુનિયા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર 'જે' ડીવીઝન શ્રી રાજપાલસિંહ રાણા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ વટવા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓની સુચના આધારે વટવા પો.સ્ટે. તેમજ નારોલ પો.સ્ટે. દાખલ થયેલ શરીરસબંધી ગુનાઓ પૈકી (૧) વટવા પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૧૧૯/૨૦૧૭ ઈપીકો કલમ- ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૪૨૭, ૧૧૪ તથા જીપી એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબ તથા (૨) નારોલ પો.સ્ટે. ગુરનં.૧૨૮/૨૦૧૮ ધી ઈપીકો કલમ- ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨)(એન) તથા પોક્સો એક્ટ કલમ- ૪, ૮, ૯(એલ), ૧૦, ૧૧(૬), ૧૨ મુજબના ગુનાનો આરોપી મોહમદદિલદાર સ/ઓ પીરમોહમદ નિશારમૌલાના જાતે-સૈયદ ઉ.વ.૨૩ રહે- મ.નં.૦૯, શાઈન પાર્ક, નુરનગરની બાજુમાં, અમન હોસ્પિટલની સામે, વટવા, અમદાવાદ શહેર નાઓ વિરુદ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ કચેરીના પાસા અટકાયતી હુકમ ક્રમાંક - પીસીબી/ડીટીએન/પાસા/૨૬/૨૦૨૧ તા.૦૨/૦૧/૨૦૨૧ ના રોજ ખાસ જેલ પાલારા - ભુજ ખાતેનો પાસા હુકમ કરેલ હોય સદરી આરોપીને વટવા પો.સ્ટે. ના સર્વેલન્સ સ્કોડના સ્ટાફના માણસો પકડી લાવતા સદરી આરોપીનો સૌપ્રથમ કોવીડ-૧૯ નો રિપોર્ટ કરવા સારુ સીવીલ હોસ્પિટલ મોકલી આપેલ અને રિપોર્ટ આવેલ નહી ત્યાં સુધી આરોપીને પો.સ્ટે. ખાતે ક્વોરન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ સદરી આરોપીનો કોવીડ-૧૯ નો રિપોર્ટ નેગેટીવ આવતા તા.૦૨/૦૧/૨૦૨૧ ના રોજ પાસા હુકમની બજવણી કરી આરોપીને જરૂરી જાપ્તા સાથે ખાસ જેલ પાલારા - ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૩ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૩૩૮ લીટર દેશી દારૂ, ૨૩૦ બોટલ ઇંગ્લીશ દારૂ અને અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૮ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૭,૯૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૭/૨૦૨૧**

**એરપોર્ટઃ** પ્રતિકકુમાર ઓમપ્રકાશ મિશ્રા (રહે. ગુજરાત હાઉસીંગ બોર્ડ મેઘાણીનગર) એ તા.૦૨/૦૧/૨૦૨૧ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી ખિવરાજ શિવલાલ ગોદરા ઉર્ફે હેપ્પી ગોદરા (રહે. શિમલા જોધપુર ખારા રાજસ્થાન) એ અમિત તુલસીરામ જાદવ (રહે. મહર્ષીનગર ઔધોકગિક વસાહત ગુલ ટેકરી પુણે માર્કેટયાર્ડ પુણે મહારાષ્ટ) નાઓના નામના ખોટા ડોક્યુમેન્ટના આધારે તા.૧૬/૧૨/૨૦૨૦ કલાક ૫/૦૦ વાગે મોબાઈલ નંબર ૯૭૭૨૯૭૦૪૨૦ ઉપરથી ઝુમકાર કંપનીની ઓનલાઇન એપ્લીકેશન ઉપર એક સ્વિફ્ટ ફોર વ્હિલ કાર એક દિવસ માટે બુક કરાવી તા.૧૬/૧૨/૨૦૨૦ બપોરના ૪/૩૦ વાગે હાંસોલ BPCL રવિ પેટ્રોલ પંપની બાજુમા ઝુમકાર કંપનીના પાર્કીંગમાથી કંપનીની સ્વિફ્ટ કાર નંબર એમએચ ૪૩ બીપી ૦૭૧૬ કિમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- રેન્ટ ઉપર લઈ જઈ કારમાં લગાવેલ જી.પી.એસ સિસ્ટમ બંધ કરી તેમજ મોબાઇલ ફોન બંધ કરી આજદિન સુધી કંપનીની કાર પરત નહી કરી કંપની સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર.આર.દેસાઇ ચલાવે છે.

**લુંટની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૧૮/૨૦૨૧**

**કૃષ્ણનગરઃ** રામઅવતાર બનવારીલાલ અગ્રવાલ (ઉ.વ.૪૦) (રહે. સરીતા સોસાયટી ડાયમંડ મીલ પાસે નિકોલ રોડ ખોડીયારનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૦૧/૨૦૨૧ બપોરના ૩/૧૫ વાગ્યાના સુમારે ઠક્કરનગર સહજાનંદ કોમ્પલેક્ષ ખાતે આવેલ ગાયત્રી ટેડ્રસ નામની પોતાની દુકાનમાં હતા ત્યારે બે અજાણ્યા પુરૂષોએ દુકાનમાં આવી પીસ્ટલ જેવા હથીયારથી કાઉન્ટરના ટેબલ પર ફાયર કરી રામાવતાર અગ્રવાલને ડરાવી "પૈસા બેગમાં ભરી દે ચાલ" તેમ કહી કાઉન્ટર ઉપર પડેલ રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મશીનમાંથી કાઢી લઇ લુંટ કરી દુકાનની બહાર ઉભા રહી ઓટલા ઉપર નીચે એક રાઉન્ડ ફાયર કરી પલ્સર બાઇક ઉપર આવેલ મળતીયા અન્ય પુરૂષ સાથે મોટર સાયકલ ઉપર બેસી ત્રણેય ભાગી ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.આર.પટેલ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૯/૨૦૨૧**

**"કે" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** બાલાજી કવાજી રાવલ (ઉ.વ.૫૫) (રહે.રેવતીનગર સરકારી આવાસ જેતલપુર) તા.૦૧/૦૧/૨૦૨૧ સાજના ૭/૦૦ વાગ્યાના સુમારે બારેજા થી નારોલ સર્કલ તરફ જતા હાઈવે રોડ, એચ.પી.પેટ્રોલપંપ સામે રસ્તો ક્રોસ કરી રહ્યા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે વાહન પુરઝડપે અને બેદરકારીથી ચલાવી બાલાજી રાવલને ટક્કર મારતા બાલાજી રાવલને ગંભીર ઈજાઓ થતા ઘટના સ્થળે જ તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગેની ફરીયાદ મૃત્યુ પામનાર બાલાજી રાવલના પુત્ર રાજુભાઈ રાવળે "કે" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.ડી.ગમાર ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૦/૨૦૨૧**

**સોલા હાઈકોર્ટઃ (૧)** મુકેશભાઇ અમરતભાઇ પંચાલ (ઉ.વ.૩૬) (રહે. વિનાયક પાર્ક સોસાયટી ચાંદલોડીયા) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૧/૨૦૨૧ રાતના ૯/૧૦ વાગ્યાના સુમારે ચાંદલોડીયા ખાતે આવેલ શાંતિનગર સોસાયટીના મકાન નંબર-૨૯ માં બીજા માળે છતમાં લોખંડની હુકમાં શાલ બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નિર્મલકુમાર ઇશ્વરભાઇ ચલાવે છે.

**સોલા હાઈકોર્ટઃ (૨)** હરદેવસિહ કનકસિહ વાળા (ઉ.વ.૪૦) (રહે. શુકન રેસીડન્સી વંદે માતરમ રોડ ગોતા) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૧/૨૦૨૧ કલાક ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ વુ.મ.સ.ઈ.શ્રી કાજલબેન ગોરધનભાઈ ચલાવે છે.

**વટવાઃ** જયપ્રકાશ ઉર્ફે જગો શંકરલાલ પ્રજાપતિ (ઉ.વ.૩૮) (રહે. અંબુજા એવન્યુ ચાર માળીયા પાસે વટવા) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૧/૨૧ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં ચાદર બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રમેશભાઇ ગીંબાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી